**ગાંધીનગર તાપમાન**


મહત્તમ : ૩૯.૫ ડીગ્રી
લઘુતમ : ૨૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૮ ટકા ● સાંજે ૨૪ ટકા

# ધોળેશ્વર મહાદેવ રોડ પરનો અયોગ્ય ઉંચાઈ ધરાવતો બમ્પ કોણે બનાવ્યો?

## મેઘધનુષ-૨ સોસાયટી પાસે બનેલું સ્પીડબ્રેકર વાહનચાલકો માટે પરેશાનીરૂપ બની રહ્યું છે

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરના કોબા માર્ગ પરથી ધોળેશ્વર મહાદેવના મંદિર તરફ જતા માર્ગ પર મેઘધનુષ-૨ સોસાયટી પાસે રોડ પર એક સ્પીડ બ્રેકર બનાવાયું છે જે તદ્દન અયોગ્ય માપનું અસાધારણ ઉંચાઈ ધરાવતું બનાવાયું હોવાથી આ માર્ગ પરથી પસાર થતા ટુવ્હિલર ચાલકો માટે પરેશાનીરૂપ બનવા સાથે જોખમભર્યું બની રહ્યું છે. વળી, આ સ્પીડબ્રેકર ખરેખર જવાબદાર તંત્ર દ્વારા બનાવાયું છે કે નજીકના કોઈ સ્થાપિત હિતો દ્વારા ગેરકાયદેસર રીતે બનાવી દેવામાં આવ્યું છે તે બાબતે પણ અસમંજસ જોવા મળી રહી છે. અંધારાના સમયે તો રાહદારીઓ માટે પણ જોખમી જણાતો આ બમ્પ ધોળેશ્વર મહાદેવના દર્શનાર્થીઓ માટે પણ પરેશાનીરૂપ બન્યો છે.



સ્વામિનારાયણ ધામથી ધોળેશ્વર મહાદેવ તરફના માર્ગ પર મેઘધનુષ-૨ સોસાયટી પાસે રોડ પર બનાવી દેવામાં આવેલ સ્પીડબ્રેકર બમ્પ વાહનચાલકોના માથાનો દુઃખાવો બની જવા પામ્યો છે. આ બમ્પની અસાધારણ ઉંચાઈના કારણે અહીંથી પસાર થતા કારચાલકોની કારનો તળીયાનો ભાગ બમ્પ સાથે ટકરાઈને ઘસાય છે તેમજ ટુ વ્હિકલ ચાલકો માટે તો આ બમ્પ પડી જવા સહિતના અકસ્માતનું જોખમ પેદા કરે છે કેમ કે તેના પરથી પસાર થતાં મહિલાચાલકો સહિતના સ્કૂટર-બાઈક ચાલકો તેમનું સંતુલન ગુમાવતા જોવા મળે છે. અત્યંત અગવડભર્યો આ બમ્પ જવાબદાર વહીવટી તંત્ર દ્વારા નહીં પરંતુ નજીકના કોઈ સ્થાપિત તત્વો દ્વારા મનઘડંત રીતે બનાવી દેવાયો હોવાનું નજીકના રહીશોનું માનવુ છે અને જો આ રીતે દરેક સોસાયટીના સ્થાપિત હિતો પોતાની મનઘડંત રીતે બમ્પ બનાવશે તો આખો રોડ બમ્પથી ભરાઈ જશે તેથી તે અંગે સત્વરે પગલાં લેવા જરૂરી જણાઈ રહ્યાં છે.

# ભારતીય જનતા પાર્ટીના વોર્ડ નં.૩ના ઉમેદવારોને વ્યાપક આવકાર



ગાંધીનગર, તા.૪

સે-૨૭ ગાયત્રીનગર સોસાયટી ખાતે વોર્ડ નં. ૩ ભારતીય જનતા પાર્ટીના કમળ નિશાન સાથેના ઉમેદવારોને ભારે પ્રતિસાદ સાંપડ્યો હતો. ઉમેદવારો સંજીવ અંબરીષ મહેતા, સોનાલીબેન ઉરેનકુમાર પટેલ, ભરતભાઈ મનજીભાઈ ગોહીલ, દીપીકાબેન સવજીભાઈ સોલંકીએ પગપાળા મતદાતાઓનો સંપર્ક પૂર્વ ધારાસભ્ય અશોકભાઈ પટેલ સાથે કર્યો હતો.

આ ઉમેદવારોને પરંપરાગત રીતે ભાજપનો ગઢ ગણાતા સેક્ટર-૨૭ ખાતે ઉમળકાભેર આવકાર મળ્યો હતો. આ પગપાળા લોકસંપર્ક રાઉન્ડમાં ૧૫૦થી વધુ કાર્યકરો જોડાયા હતા. પેપ્સીભાઈ, ઉરેનભાઈ પટેલ, આશીષભાઈ જોષી, અનિલ ચૌહાણ, પ્રદિપસિંહ ચંપાવત, કૌશલ લખવારા, એડવોકેટ મનસુરીભાઈ, દિનેશભાઈ વિગેરે જોડાયા હતા.

# લક્ષ્મીબાઈ નેશનલ ઈન્સ્ટિટયુટની જનરલ બૉડીમાં સ્વર્ણિમ સ્પોર્ટસ યુનિવર્સિટીના કુલપતિનો સમાવેશ

ગાંધીનગર, તા.૪

ભારત સરકાર દ્વારા તા. ૩૧મી માર્ચના રોજ શારીરિક શિક્ષણમાં આગવું નામ ધરાવતી લક્ષ્મીબાઈ નેશનલ ઈન્સ્ટિટયુટ ઓફ ફીઝીકલ એજયુકેશનની જનરલ બૉડીની રચના જાહેર કરવામાં આવી છે. આ જનરલ બૉડીમાં ગાંધીનગર સ્થિત રાજયની સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. અર્જુનસિંહ રાણાનો સમાવેશ કરવામાં આવ્યો છે.

લક્ષ્મીબાઈ નેશનલ ઈન્સ્ટિટયુટ ઓફ ફીઝીકલ એજયુકેશન ખાતે નવા સાહસો, નવા અભ્યાસક્રમ તથા રાજય તેમજ રાષ્ટ્રના રમતગમત અને શારીરિક શિક્ષણના વિકાસમાં ફાળો આપવા જાહેર કરવામાં આવેલી જનરલ બૉડી માર્ગદર્શન આપવાનું કાર્ય કરશે. જનરલ બૉડીનું કેન્દ્રિય રમતગમત મંત્રીના અધ્યક્ષસ્થાને ગઠન કરવામાં આવ્યું છે. જેના અન્ય સભ્યોમાં કેન્દ્રિય રમતગમત સચિવ, સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના મહાનિર્દેક, રાજય રમતગમત મંત્રાલયના સચિવ, કેન્દ્રિય રમતગમત મંત્રાલયના નાણાંકીય સલાહકાર, યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશનના સચિવ, નેશનલ કાઉન્સિલ ફોર ટીચર એજયુકેશનના અધ્યક્ષ, રાજય શાળાકીય શિક્ષણ વિભાગના સચિવ, રાજય રમતગમત વિભાગના સંયુકત સચિવ તથા લક્ષ્મીબાઈ નેશનલ ઈન્સ્ટિટયુટના રજીસ્ટ્રારનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ જનરલ બૉડીમાં ડૉ. અર્જુનસિંહ રાણાના સમાવેશ બદલ બૉડીના સભ્યોએ અભિનંદન પાઠવ્યા હતા.

# ફિનકેર બૅન્ક દ્વારા કરાયું સામાજિક જવાબદારીનું વહન

ગાંધીનગર, તા. ૪

ફિનકેર બૅન્ક દ્વારા સામાજિક



જવાબદારીના ભાગરૂપે ગાંધીનગર જિલ્લાના હાલીસા, બોરીઆ અને મગોડી ગામમાં ૯૦થી વધુ જરૂરિયાતમંદ પરિવારોને અનાજની કિટનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું.

સીએસઆર ડિવિઝન મૅનેજર તેજસ જોશી અને રાહુલ પ્રજાપતિના હસ્તે આ વિતરણ કરવામાં આવ્યું હતું. બંને યુવાઓ દ્વારા કોરોનાકાળમાં રાખવાની સાવધાનીઓ અંગેની માહિતી પણ ગ્રામજનોને વિગતે પૂરી પાડવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે બૅન્ક દ્વારા છેલ્લા એક વર્ષ દરમિયાન ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર રાજ્યના ૧૫ હજારથી વધુ પરિવારોને અનાજની કિટનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત ૮૦૦થી વધુ પોલીસ કર્મચારીઓ, નાગરિકોને માસ્ક અને સૅનીટાઈઝર પણ બૅન્ક દ્વારા પૂરાં પાડવામાં આવ્યાં છે.

# કૈલાસબેન પટેલનો અનોખો પક્ષી પ્રેમ

ગાંધીનગર, તા.૪

સ્વાવલંબી જીવન જીવતાં શીખવું હોય તો તે પક્ષીઓ પાસેથી શીખવું જોઈએ. જેમકે ખોરાક કે ચણ મેળવવો, પાણી પીવું, વિયાણ માટે માળો બનાવવો જેવાં દૈનિક કાર્યો પોતે જાતે જ કરી લે છે. તેમ છતાં તાજેતરમાં ગાંધીનગરના સેકટર-૨૯ના હરિવીલા એપાર્ટમેન્ટની ઘરની બારી બહાર નર-માદા કબૂતરની જોડી માતા કબૂતરના વિયાણ માટે માળો બનાવી રહ્યું



હતું પરંતુ માળો બનાવવાની સળીઓ નીચે પડી જતી હતી. આ દશ્ય કૈલાસબેન પટેલે જોયું અને તુરંત જ માદા કબૂતરને વિયાણ માટ પ્લાસ્ટીકની બે ડીશ બાંધી આપી. કબૂતર જોડીએ એક ડીશમાં માળો બનાવી બીજા જ દિવસે વિયાણ કરી બે ઈંડા મૂકયાં. બીજી ડીશમાં જુવારના દાણા, ચણ માટે મુકયા. આવી રીતે કૈલાસબેન પટેલે નર-માદા કબૂતરને માળો બનાવવામાં પડતી મુશ્કેલીનો ઉપાય શોધી કબૂતરને વિયાણ માટે માળો બનાવવામાં મદદ કરી પક્ષી પ્રેમનું અનોખું ઉદાહરણ પુરું પાડયું હતું.

# વોર્ડ નં.૫ના ભાજપાના ઉમેદવારોએ સેકટર-૨૯ થી ડોર ટુ ડોર જનસંપર્ક શરૂ કર્યો



ગાંધીનગર, તા.૪

ગાંધીનગર મહાનગર ભાજપા વોર્ડ નં.૫ની અખબારી યાદી જણાવે છે કે, આજરોજ તા. ૪ એપ્રિલે આગામી મનપા ચૂંટણીના ભારતીય જનતા પાર્ટીના ચારેય ઉમેદવારશ્રીઓ પદમસિંહ ચૌહાણ, કિંજલભાઈ પટેલ, હેમાબેન ભટ્ટ અને કૈલાસબેન સુતરિયાએ સેકટર-૨૯ ખાતેથી ડોર ટુ ડોર જનસંપર્કની શરૂઆત કરી ચુંટણી પ્રચારની શરૂઆત કરી હતી. ભાજપા ઉમેદવારોને સ્થાનિક નાગરિકોએ ઠેર ઠેર ઉમળકાભેર આવકારી તેમનું સ્વાગત કર્યું હતું. લોકસંપર્કના રાઉન્ડ દરમિયાન સમગ્ર વાતાવરણ ભાજપા તરફી જોવા મળ્યું હતું. આજે સવારે પ્રારંભાયેલા ચૂંટણી પ્રચાર અભિયાનમાં ઉમેદવારો સાથે મહાનગરના પૂર્વ મેયર રીટાબેન પટેલ, પ્રવીણભાઈ પટેલ, પૂર્વ કોર્પોરેટરશ્રીઓ, ભાજપા અગ્રણીશ્રીઓ, વોર્ડના કાર્યકર્તાઓ તેમજ સમર્થકો જોડાયા હતા.

# જન્મદિને વધામણી



ડો. પ્રદીપ ગગલાણી
પ્રિન્સિપાલ, ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ
મો. ૯૮૨૪૨ ૬૬૧૨૧




પ્રતાપસિંહજી સોલંકી
મો. ૯૦૫૪૦ ૭૯૫૧૬



શક્તિસિંહ ઝાલા



જિનલકુમાર શાહ
મો. ૮૮૬૬૧ ૪૩૦૫૪



ધ્રુવિલ એ પટેલ



રૂદ્ર જયેશલાલ બારૈયા
મો. ૯૮૨૫૬ ૦૬૦૬૪

# ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. પરમાર ગણપતલાલ સવાભાઈ
  ઉ.વ. ૮૬, અડાલજ
- સ્વ. વાઘેલા રાજીબેન મહેન્દ્રભાઈ
  ઉ.વ. ૪૮, મોટા ચિલોડા
- સ્વ. સોલંકી કુસુમબેન જાદવભાઈ
  ઉ.વ. ૮૦, સેકટર-૩
- સ્વ. ભરવાડ નવઘણભાઈ આતાભાઈ
  ઉ.વ. ૭૦, મહુન્દ્રા
- સ્વ. બિહોલા દેવુજી ફુતાજી
  ઉ.વ. ૬૮, રતનપુર
- સ્વ. નાયક રાજુભાઈ શંકરભાઈ
  ઉ.વ. ૬૯, ચાંદખેડા, અમદાવાદ
- સ્વ. પટેલ રમેશભાઈ હરગોવન
  ઉ.વ. ૬૨, ચોઈલા, બાયડ
- સ્વ. રબારી રણછોડભાઈ બાબરભાઈ
  ઉ.વ. ૪૯, આદીવાડા
- સ્વ. બિહોલા સજનબેન સતુજી
  ઉ.વ. ૭૦, રતનપુર
- સ્વ. પટેલ દિલિપભાઈ મફતભાઈ
  ઉ.વ. ૫૬, વાવોલ
- સ્વ. ઠાકોર શકરાજી સોમાજી
  ઉ.વ. ૫૫, ધમાસણા
- સ્વ. રાઠોડ વજાજી અંદરજી
  ઉ.વ. ૬૩, બોરીયા, દો. વાસણા
- સ્વ. જાની બિપીન રમેશચંદ્ર
  ઉ.વ. ૬૨, સેકટર-૫
- સ્વ. પટેલ કોશિકા પ્રકાશભાઈ
  ઉ.વ. ૫૨, કુડાસણ
- સ્વ. રૂપસિંહ માનસી
  ઉ.વ. ૬૨, છત્રાલ, કલોલ

● રૂદ્રભૂમિ ●

- સ્વ. ઝાલાની સુધા અશોક
  ઉ.વ. ૬૯, કુડાસણ
- સ્વ. ઠાકોર દેવાજી પાતાજી
  ઉ.વ. ૫૦, મજરા, પ્રાંતિજ
- સ્વ. ચાવડા જયાબેન ભરતકુમાર
  ઉ.વ. ૫૧, સેકટર-૭
- સ્વ. ચુનારા સુરેશભાઈ બચુભાઈ
  ઉ.વ. ૬૫, સેકટર-૧૨
- સ્વ. પ્રજાપતિ કુસુમબેન કચરાભાઈ
  ઉ.વ. ૬૨, સરગાસણ
- સ્વ. ગજ્જર ભગવતીબેન ત્રિભોવનદાસ
  ઉ.વ. ૭૦, પાનસર, કલોલ
- સ્વ. ત્રિવેદી જયંતિલાલ ભીખાલાલ
  ઉ.વ. ૮૪, કુડાસણ

# ચુંટણી જે જીતે એ ખરું, પણ તમે જીવનનો જંગ હારી ના જતાં...!!

## દિન પ્રતિદિન સતત વધી રહેલા કોરોના સંક્રમણને પગલે કોરોના કાળની સૌથી વિકટ પરિસ્થિતિ સર્જાઈ ચુકી છે : ચુંટણી પ્રચારની રેલીઓ-સભા-સરઘસોથી વધનારા સંક્રમણના જોખમથી તમારી દરકાર જ તમને બચાવશે, બીજું કોઈ નહીં

ગાંધીનગર, તા.૪

અનાજ-કરિયાણાંની લાઈન, સ્કુલમાં એડમિશનની લાઈન, ગેસનો બાટલો મેળવવાની લાઈન, વિજળી બિલ ભરવાની લાઈન, દવાખાનમાં સારવાર માટેની લાઈન, પેન્શન મેળવવાની લાઈન...ના જાણે જીંદગીભર કેટકેટલી લાઈનમાં ઉભો રહેતો માનવી ફરી એકવાર કોરોના ટેસ્ટની લાઈનમાં ઉભેલો જોવા મળી રહ્યો છે. 'દો ગજ કી દૂરી



લાગ્યું એવું લખ્યું
સમીર રામી

અને માસ્ક હૈ જરૂરી' જેવા સુત્રો આપનારા રાજકીય નેતાઓ ચુંટણી પ્રચારની સભા-રેલીઓ અને સરઘસોમાં તમામ નૈતિક-જવાબદારીઓ ફગાવી સરેઆમ કોવિડ ગાઈડલાઈનની હાંસી ઉડાવી રહ્યાં છે અને નાગરિકોના સ્વાસ્થ્યના જોખમે સત્તા લાલસા સંતોષવા મથી રહ્યા છે, જયારે બીજી તરફ કોરોના પોઝિટીવ દર્દીઓથી ઉભરાતી હોસ્પીટલો અને હોમ આઈસોલેશન થયેલા નાગરિકોની વાસ્તવિકતા સામે જાહેર કરવામાં આવતા કોરોના કેસોના સરકારી આંકડા વચ્ચે 'બાર ગાઉનું છેટું' અનુભવાઈ રહ્યું છે. રાજયના પાટનગરમાં બાર ગળણે ગાળીને પાણી પીતા ભણેલા-ગણેલા નાગરિકો વસતા હોવા છતાં સતત વધી રહેલા કોરોના સંક્રમણની સ્થિતિ ચિંતાજનક બની ચુકી છે તેમ છતાં ચુંટણીઓ યોજવામાં મકકમ બનલી સરકાર આગામી દિવસોમાં કોરોના વિસ્ફોટનું વરવું સ્વરૂપ ખડું કરવામાં જવાબદાર બનશે પરંતુ નાગરિકોએ હવે એક વાત સ્પષ્ટ સમજી લેવી પડશે





કે 'તમારું સ્વાસ્થ્ય, તમારી જીંદગી બસ તમારા હાથમાં છે, જીંદગીથી હાથ ધોઈના બેસો માટે સતત હાથ ધોતા રહેજો અને માસ્ક પહેરવાનું રાખજો.'

ગાંધીનગર મહાનગર પાલિકાની ચુંટણીઓમાં તા. ૧૮મી એપ્રિલે મતદાન યોજાશે અને તે માટે મતદારોને રીઝવવા શહેરમાં ચુંટણી પ્રચારનો પ્રારંભ થઈ ચુકયો છે. આગામી દિવસોમાં આ પ્રચાર વધુ જોરશોરથી વધશે અને શહેરમાં રેલીઓ-જાહેરસભાઓ-સરઘસો તેમજ રોડ શૉ જેવા વરવા દશ્યો તો સર્જાશે જ પરંતુ તે સાથે ખાનગી ધોરણે બંધ બારણે બેઠકો યોજાશે જેમાં ગાઈડલાઈનનું પાલન થયું કે નહીં તે જોવા તો શું તે બાબતે વિચારવા પણ કોઈ નવરું નહીં હોય, ગળામાં લાળીયાંની જેમ લટકતા માસ્ક અને એકબીજાના પરસેવાની ગંધ પરખાય તેટલી નિકટતા સાથે શ્વાસની પણ આપ લે થઈ જાય તેમ કાનાફુસીઓ પણ થશે. કયાંક કોઈને ગળે પણ લગાડાશે અને કયાંક લક્ષણોની અવગણના કરીને લાભ ખાટી લેવાની લાલસાને મહત્વ અપાશે અને આ બધાનું પરિણામ ચુંટણીઓના પરિણામ પછી દેખાશે જેને વિજયોત્સવમાં સિફતથી દબાવી પણ દેવાશે. હવે આ હોંકારા-પડકારા-જયકારા સાથે વાગતા ઢોલ નગારાના નાદમાં તમે પોતે કયાંક કોરોના વાયરસના લપેટામાં આવીને જોખમમાં ના મુકાઈ જાઓ તેની દરકાર કરજો બાકી જે સત્તાધીશો સત્તા ખાતર વર્ષો સુધી પગના તળીયાં ઘસી નાંખનારા પાયાના કાર્યકરોની દરકાર કરવાનું સિફતથી ભુલાવી દેતા હોય તે તમારી શું દરકાર કરશે?

એવું કહેવાય છે કે કોરોના સંક્રમણની આ બીજી લહેર ચાલી રહી છે અને એક અભ્યાસ મુજબ ભારતમાં પહેલી લહેર વખતે સૌથી વિકટ પરિસ્થિતિમાં દૈનિક સરેરાશ ૨૮૯૮૪ કેસ આવતા હતા જેની સામે અત્યારે બીજી લહેરમાં જે પરિસ્થિતિ સર્જાઈ છે તે સમગ્ર કોરોના કાળની સૌથી વિકટ પરિસ્થિતિ કહી શકાય તેમ છે કારણ કે અત્યારે દેશમાં દૈનિક કેસની સંખ્યા સરેરાશ ૨૭૯૨૨ સુધી પહોંચી છે પરંતુ દેશમાં અત્યારે સંપૂર્ણ લોકડાઉનની સ્થિતિ નથી તેના કારણે આ આંકડો ઝડપથી ૩૦ હજારને પાર પહોંચી જશે તેવી નિષ્ણાંતો આગાહી કરી રહ્યા છે. એઈમ્સના ડાયરેટર ડૉ. રણજીત ગુલેરિયાથી માંડીને આઈઆઈટી કાનપુરના મણીન્દ્ર અગ્રવાલ આગામી તા.૧૫ થી ૨૦ એપ્રિલ દરમિયાન કોરોના વાયરસ દેશભરમાં હાકાકાર મચાવશે તેવી આગાહી કરી રહ્યા છે અને તે સાથે જ અત્યારે દેશમાં વિશ્વમાં સૌથી વધુ ૮૯૧૨૯નો આંકડો દૈનિક કેસોનો આંકડો નોંધાઈ ચુકયો છે જેની સાથે ૭૧૪ દર્દીઓના એક જ દિવસમાં મૃત્યુ નોંધાયા છે. ગુજરાતમાં પહેલી લહેર વચ્ચે દૈનિક સરેરાશ જે ૮૦૫ કેસની હતી તે અત્યારે બીજી લહેરમાં ૮૮૮ સુધી પહોંચી જવા પામી છે. જો કે તેની સામે રાજયમાં મૃત્યુ દર પહેલી લહેરના ૧.૭ ટકાથી ઘટીને ૦.૩ ટકા પર આવ્યો છે તે એક માત્ર સકારાત્મક બાબત છે. અત્યારે દેશભરમાં રસીકરણ અભિયાન ચાલી રહ્યું છે જેને વેગવંતુ બનાવ્યા છતાં હજુ સુધી દેશની ૧૦ ટકા વસ્તીને પણ આવરી લઈ શકાઈ નથી. આ સ્થિતિમાં હજુ પણ કોરોનાથી બચવાનો એક માત્ર રસ્તો વ્યકિતની પોતાની સાવધાની માત્ર જ જણાઈ રહ્યો છે.

રાજય સરકારના મંત્રીઓ સુધ્ધાં એક પછી એક કોરોના પોઝિટીવ થઈ રહ્યાં છે, હોસ્પિટલો હાઉસફુલ છે આરટીપીસીઆર ટેસ્ટના રિપોર્ટસ ૩૬ કલાકે પણ મળતા નથી તેટલો લેબોરેટરીઓ પર લોડ છે. આંકડા છુપાવવા તંત્ર ઉધામા કરી રહ્યું છે પરંતુ ચુંટણીઓ તો યોજાશે જ....આ સ્થિતિમાં ચુંટણી પ્રચારથી કેટલાં પ્રભાવિત થવું, ઘરના બારણાં ખખડાવતા અને વણબોલાવે આવી ચડનારા ઉમેદવારો અને તેમના ટેકેદારોથી સલામત અંતર રાખવું, માસ્ક પહેરી રાખીને જ વાત કરવી, ચુંટણી પ્રચારનું સાહિત્ય હોય કે તેમના દ્વારા અપાતી કોઈ ચીજવસ્તુ હોય તેને સેનેટાઈઝ કર્યા વગર લેવી નહી અને પ્રત્યેક મુલાકાત પછી પોતાના હાથ ધોવા તથા ચુંટણી સભા-રેલીઓમાં વગર વિચારે દોડી જવું નહી તેવી સાવધાનીઓ રાખશો તો જ જીવનનો જંગ જીતી જશો. યાદ રાખજો 'જાન હૈ તો જહાન હૈ....!!'

-પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@gmail.com

# પ્રેમધારા શિશુવિહાર ખાતે મહિલા સશકિતકરણ અંતર્ગત તાલીમ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૪

શહેરના સેકટર-૨૬માં જીઆઈડીસી ખાતેની પ્રેમધારા શિશુવિહાર સ્કૂલ કેમ્પસ ખાતે જાયન્ટસ ગૃપ ઓફ ગાંધીનગર મેઈન તથા સાહેલી એકમ દ્વારા ફિટનેસ ફર્સ્ટના યુનિવર્સલ એકસ્પ્લોરર ગૃપના સંયુકત ઉપક્રમે માર્શલ આર્ટસ, સ્પોર્ટસ એડવેન્ચર, યોગ, એરોબિક એકસરસાઈઝ, ટેકવૉન્ડો, એડવાન્સ વેપન ટ્રેનીંગ જેવા મહિલા સશકિતકરણને લગતા વિવિધ કાર્યક્રમોના નિદર્શન સાથેની ઝલક ગત તા. ૨જી એપ્રિલના રોજ યોજવામાં આવી હતી તેવું સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયું છે. યાદીમાં જણાવ્યા અનુસાર સેકટર-૩-સીના જાયન્ટસ વેલફેર ફાઉન્ડેશનના શાખા પ્રમુખ બી.એમ. પટેલ, ઉપપ્રમુખ સાંકાભાઈ પટેલ, ખજાનચી વસંતભાઈ પટેલ, યુનીટ ડાયરેકટર ગાયત્રીબેન પટેલ તથા સાહેલી ગૃપની અન્ય મહિલા સભ્યો ઉપરાંત યુનિવર્સિલ એકસ્પ્લોરર ગૃપના પ્રકાશભાઈ, મીલનભાઈ કંસાર તથા તેમની ટીમના સભ્યો અને ગાયત્રીબેનની યોગ ટીમના મહિલા સભ્યોએ કાર્યક્રમમાં હાજરી આપી હતી તેમજ મહિલાઓને વિના મૂલ્યે તાલીમ આપી મહિલા સશકિતકરણને વેગ આપવાનો નિર્ધાર વ્યકત કર્યો હતો.